# ડીસામાં ગાયો મામલે દિવસભર ગરમાવો

## સાંજે બીમાર ગાયો સાથેની એમ્બ્યુલન્સ એસડીએમ કચેરીમાં ઘુસાડી દેવાતાં અફડાતફડી :સાંજે ૧૪૪ ની કલમ હટાવ્યા બાદ ધરણાં સમેટી લેવાતાં હાશકારો

ડીસા, તા.૮

બનાસકાંઠાના ડીસામાં ગાયોની સહાય માટે છેડાયેલા આંદોલને ગતરોજ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. કરી લીધું છે.આ આંદોલનમાં ગૌરક્ષકોની સાથે સાથે કોંગ્રેસ અને ઓ.બી.સી., એસ.સી. એસ.ટી. એકતા મંચના અગ્રણીઓએ પણ જોડાઇ ગતરોજ ડીસાની નાયબ કલેકટર કચેરી આગળ ધરણાં યોજયા હતા.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી ગાયોના નિભાવ માટે સરકાર સમક્ષ ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો દ્વારા સહાયની માંગણી કરવામાં આવી રહી છે. પરંતુ સરકાર દ્વારા કોઈ જ ઠોસ જાહેરાત ન કરાતા ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો દ્વારા છેડવામાં આવેલા આ આંદોલનના પગલે રવિવારે કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ડીસાની રાજપુર પાંજરાપોળની મુલાકાત લઈ સરકારને ૨૪ કલાકમાં સહાય ચૂકવવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. પરંતું આ અલ્ટીમેટમ બાદ પણ સરકાર દ્વારા કોઈ પ્રતિક્રિયા આપવામાં ન આવતા ગત રોજ સવારથી જ ઓ.બી.સી. એસ.સી. એસ.ટી. એકતા મંચ દ્વારા ગૌપૂજા કરી નાના વાછરડાને ફુલહાર પહેરાવી ગોળ ખવડાવી ધરણાં શરૂ કરાયા હતા. ઓ.બી.સી. એસ.સી. એસ.ટી. એકતા મંચના આ આંદોલનમાં કોંગ્રેસ અગ્રણીઓ પણ જોડાયા હતાં.ધરણાં પર ઉતરી ગયેલા ઓ.બી.સી. એસ.સી. એસ.ટી. એકતા મંચની ટીમે ગાયોના નિભાવ માટે સહાય આપવા ઉપરાંત ૧૪૪ની કલમ દૂર કરવાની માંગ કરી હતી.બનાસકાંઠા જીલ્લામાં ગાયોના નિભાવ ખર્ચ માટે ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો દ્વારા આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. આ આંદોલનમાં સરકારને ભીંસમાં લેવા માટે કોંગ્રેસ પણ જોડાઈ હતી. કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર પણ ધરણા પર ઉતર્યા હતા. ડીસાની નાયબ કલેકટર કચેરી ખાતે પહોંચી ધરણા પર ઉતરી આવી સરકારનું નાક દબાવવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય અને ઓ.બી.સી. એસ.સી. એસ.ટી. એકતા મંચના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર ઉપરાંત કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ સહિત અન્ય અગ્રણીઓ અને કાર્યકરો પણ જોડાયા હતા.





બનાસકાંઠા જિલ્લામાં ગાયોના નિભાવ માટે સહાયની માંગણી સાથે છેડાયેલા આ આંદોલન વચ્ચે એક ગૌરક્ષક બીમાર ગાયને લઈ સાંજના સાડા ચાર વાગ્યાની આસપાસ કમશીભાઈ દેસાઈ નામનો ગૌસેવક એનિમલ એમ્બ્યુલન્સમાં એક બીમાર ગાયને લઈ નાયબ કલેકટર કચેરીમાં ઘુસી ગયો હતો. આ ઘટનાથી ચોંકી ઉઠેલી પોલીસ દોડતી થઈ ગઈ હતી. ડીસા તાલુકા પોલિસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એ.ટી. પંચોળીએ તાત્કાલિક આ એમ્બ્યુલન્સ વાનને કચેરી બહાર નીકાળી સારવાર માટે ખસેડાઇ હતી. સાંજે બીમાર ગાયો ભરેલી એમ્બ્યુલન્સ વાનને ડીસાની એસડીએમ કચેરીમાં ઘુસાડી દેવાતા મચેલી અફડાતફડી બાદ ગાયોને સારવાર અર્થે ખસેડાતા મામલો થાળે પડ્યો હતો પરંતુ આ ગાયો સાથેની એમ્બ્યુલન્સ લઈ પશુપાલક ફરી એસડીએમ કચેરીમાં ઘુસી જતા ગરમાગરમી સર્જાઈ ગઈ હતી.આ ઘટનાના પગલે એસડીએમ કચેરી ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.ગૌસેવકો બીમાર ગાયોને લઈ ફરી એસડીએમ કચેરીમાં ધસી આવતા પોલીસના કાફલાએ એમ્બ્યુલન્સને કચેરીમાં જતા અટકાવી દીધી હતી જેના પગલે ગરમાગરમી સર્જાઈ જતા એસડીએમ કચેરી આગળ અજંપાભરી સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને એસડીએમે કોઈ સહાય કરવાનો ધરાર ઈનકાર કરી દેતા ગૌ સેવકો રોષે ભરાયા હતા. આ આંદોલનના પગલે સર્જાયેલા ઘમાસાણ વચ્ચે આજે સાંજે વહીવટી તંત્ર એ ૧૪૪ ની કલમના અમલનું જાહેરનામું પાછું ખેંચી લીધું હોવાના અહેવાલો મળ્યા છે. બીજી બાજુ, ઓબીસી, એસસી, એસટી એકતા મંચ તેમજ કોંગ્રેસના અગ્રણીઓએ પણ આજે સાંજે તેમનું ધરણાં આંદોલન સમેટી લેતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

# હિંમતનગરમાં ઘઉંના દલાલ સાથે ૧૩.૨૬ લાખની છેતરપીંડી કરતા ત્રણ સામે ફરીયાદ

## અલગ અલગ સમયે ૨૩૫૫ ઘઉંના કટ્ટા મંગાવી નાણાં ન આપ્યા

હિંમતનગર, તા. ૮

હિંમતનગરમાં ઘઉંની લે-વેચ કરતા એક ઘઉંના દલાલ સાથે બે માસ અગાઉ અમદાવાદ તથા વડોદરાના મળી ત્રણ જણાએ અલગ અલગ સમયે રૂ. ૧૩.૨૬ લાખના ૨૩૫૫ ઘઉંના કટ્ટા મંગાવી દલાલને સમયસર નાણાં ન ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા આ દલાલે સોમવારે ત્રણેય જણા વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે હિંમતનગરમાં વેપાર કરતા રૂપેશ વસંતલાલ સંઘવીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેમની પાસેથી ગત તા. ૬-૪-૨૦૧૮ થી તા. ૬-૪-૨૦૧૮ના ગાળા દરમ્યાન વડોદરાના રાજુભાઈ દલાલ, અમદાવાદ સાણંદ રોડ પર આવેલ નરનારાયણ ટ્રેડર્સના ભાવેશકુમાર મણીલાલ ભાવસાર, ભરતભાઈ માણેકલાલ ઠક્કરે હિંમતનગરના રૂપેશભાઈ સંઘવી પાસેથી અલગ અલગ સમયે રૂ. ૧૩.૨૬ લાખથી વધુના ઘઉંના કટ્ટા મંગાવીને રૂપેશભાઈને નાણાં આપ્યા સિવાય બારોબાર વેચી દીધા હતા. જેથી રૂપેશભાઈ સંઘવીએ વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં ચુકવવામાં આવતા ન હતા. ફરીયાદમાં જણાવાયા મુજબ રાજુભાઈ દલાલે રૂપેશભાઈનો મોબાઈલ પર સંપર્ક કરી ગત તા. ૧૧-૪-૨૦૧૮ના રોજ ૫૦૦ કટ્ટા ત્યારબાદ ૧૮-૪-૨૦૧૮ના રોજ ૩૩૩ અને ૧૯-૪-૨૦૧૮ના રોજ વધુ ૪૦૦ કટ્ટા મળી ૧૨૩૩ કટ્ટા ઘઉં મંગાવ્યા હતા. જેની કિંમત અંદાજે રૂ. ૯.૩૫ લાખ થતી હતી. તેજ પ્રમાણે ભરતભાઈ ઠક્કરે પણ રૂપેશભાઈ પાસેથી ઘઉંના ૧૧૨૨ વિવિધ માર્કાના કટ્ટા મંગાવી નાણાં ચુકવ્યા ન હતા. જેથી રૂપેશભાઈ સંઘવીએ વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં ન આપતા આ ત્રણેય જણા વિરૂદ્ધ સોમવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# શામળાજી નજીક હાઈવે પર ખેરંચા ગામના ગૌચરમાં ભીષણ આગ



શામળાજી, તા. ૮

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓ દિનપ્રતિદિન આગની ઘટનાઓમાં વનરાજી બળીને ખાખ થતા પર્યાવરણ પ્રેમીઓમાં ભારે નિરાશા ફેલાઈ છે. એક બાજુ વિકાસ નામે વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવે છે બીજું બાજુ જીલ્લાના ડુંગરો અને જંગલમાં આગ લાગતા વૃક્ષો અને ઝાડી-ઝાંખરા બળી ખાખ થતા પશુ-પંખીઓ સહીત વન્યજીવોને પણ જોખમ ઉભું થયું છે.

શામળાજી નજીક આવેલા હાઈવે પર આવેલા ખેરંચા ગામના ગૌચરમાંથી પસાર થતા વીજતાર તૂટતાં તણખલા ઝરતા ગૌચરમાં ભીષણ આગ ફાટી નીકળતા ગૌચરમાં વૃક્ષો અને ઝાડી-ઝાંખરામાં રહેલા પક્ષીઓના માળા હોમાતા પક્ષીઓએ કોલાહોલ કરી મૂક્યું હતું.

ગૌચરમાં આગ લાગવાથી ગ્રામજનો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ બેકાબુ બનતા વનવિભાગને જાણ કરતા વનતંત્રના કર્મીઓ ઘટનાસ્થળે દોડી આવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધરી આગ પર કાબુ મેળવવામાં સફળતા મળતા વન વિભાગ અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ગૌચરમાં આગની ઘટનાથી મોટા પ્રમાણમાં વનરાજીને નુકશાન થયું હતું. ગૌચરમાં ઉંગી નીકળેલ ઘાસચારો નાશ પામતા પશુપાલકો ભારે મુશ્કેલીનો સામનો કરવાની નોબત આવી હતી. હાઈવે નજીક ગૌચરમાં લાગેલી ભીષણ આગના પગલે અહીંથી પસાર થતા વાહનચાલકો પણ ઘડી ભર આગનું રૌદ્ર સ્વરૂપ નિહાળી ચિંતિત બન્યા હતા. આગ જોવા ઉભા રહેતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

# પ્રાંતિજના અનવરપુરા પાસે દારૂ ભરેલ કાર પલ્ટી ખાઈ ગઈ




પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અનવરપુરા પાસેથી દારૂ ભરેલી જઈ રહેલ કાર પલ્ટી ખાઈ જતાં દારૂ રસિકોને ઘી કેળા થઈ ગયાં અને લોકો ઠંડાપીણાની બોટલોની જેમ સૌ કોઈ લઈ જતા પોલીસ આવતાં ખાલી પુઠા અને ગાડીનો કાટમાળ મલ્યો. પ્રાંતિજના નેશનલ હાઈવે પાસે આવેલ અનવપુરા પાસેથી રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ ફુલ ફાસ્ટ જતી કાર જીજે.૧-એઆર-૩૩૯૬માં વગર પાસ પરમીટે ભરીને ફુલ ફાસ્ટ જતી કાર અચાનક અનવરપુરા પાસે રોડ ઉપર ત્રણ-ચાર પલ્ટી ખાઈ જતાં કુચડો થઈ બાજુમાં આવેલ ખેતરમાં પડી હતી. ત્યાથી પસાર થતા લોકો ઠંડા પીણાની બોટલની જેમ દારૂની બોટલો ઉઠાવી ગયા હતા. પ્રાંતિજ પોલીસને સમાચાર મળતા તાત્કાલિક પ્રાંતિજ પી.આઈ. વી.આર. ચાવડા, પીએસાઈ સહિત પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવ્યાં હતા, પણ પોલીસ આવે તે પહેલા લોકો કારમાં ભરેલ દારૂ લઈને રફુચક્કર થઈ ગયા હતા. પોલીસે કુચડો થઈ ગયેલ કાર તથા ખાલી પુઠ્ઠાનો કબજો લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધનસુરામાં કાળઝાળ ગરમીમાં બપોર થતાં બજારો, રસ્તા સૂમસામ

શીકા, તા. ૮

ધનસુરામાં સૂર્યદેવના પ્રકોપથી પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. સવારે દસ વાગ્યાથી ગરમીનો પારો ઊંચો જતાં રસ્તાઓ સૂમસામ બની જાય છે. ધંધા રોજગારને માઠી અસર થઈ રહી છે. બપોર થતાં લોકો પોતાના મકાનોમાં પંખા, એસી ચાલુ કરી ગરમીથી રાહત મેળવી રહ્યા છે. અસહ્ય ગરમીના કારણે બી.પી.ના દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે. લોકો વાયરલ ફીવરમાં સપડાવા લાગ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં લોકો ઈલેક્ટ્રીક સાધનો ન હોય તે ઝાડનો આશરો લેતા હોય છે. પશુ પંખીઓ પણ ગરમીથી બચવા વૃક્ષોનો આશરો લે છે. લોકોનું કહેવુ છે કે આ વખતની ગરમી અસહ્ય છે. આજે લાઈટ સવારથી બંધ રહેતાં ત્રાહીમામ પોકારી ગયા હતા.

# હિંમતનગરની મહિલાનું અગમ્ય કારણોસર મોત થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૮

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં રહેતી એક મહિલાનું સોમવારે અગમ્ય કારણોસર મોત થતાં હિંમતનગર સિવિલના તબીબે આ અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે હિંમતનગર સિવિલના તબીબ એસ.જે. પાંડવે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં રહેતા ચંચલબેન ભીખાઈ પ્રજાપતિની સોમવારે અચાનક તબીયત લથડતા સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાઈ હતી. જ્યાં તેણીનું સારવાર દરમ્યાન અગણ્ય કારણોસર મોત નિપજ્યુ હતુ. જેથી સિવિલ તબીબ એસ.જે. પાંડવે તરત જ હિંમતનગર બી-ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા પંચાયતમાં બહુમતીના જોરે કોંગ્રેસે કમિટી પર કબજો જમાવ્યો

## ૮ કમિટી માટે સભ્યોની રચના કરાઇ, ચેરમેનની જાહેરાત બાકી

પાલનપુર, તા.૮

જિલ્લા પંચાયતની આઠ કમિટીઓની રચના માટે સોમવારે જીલ્લા પંચાયત હોલ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં કોંગ્રેસે બહુમતીના જોરે તમામ કમિટી પર કબજો જમાવ્યો હતો પરંતુ ચેરમેનોની જાહેરાત હવે કરાશે.

કોંગ્રેસ દ્વારા વ્હીપ આપીને જારી કરાયેલા સભ્યોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ અગાઉ જિલ્લા પંચાયતની કમિટી માટે મળેલી સાધારણ સભામાં ભાજપના સદસ્ય અન્યૂ પૂર્વ જીલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે ૮ જુદીજુદી સમિતિઓમાં મત મેળવવા માટે દર વખતે આંગળી ઉઠાવવા કરતાં એક જ વખત મંજૂર-નામંજૂર કરી દેવા પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ કોંગ્રેસના સદસ્ય લક્ષ્મીબેન કરેણે આ મામલે વાંધો ઉઠાવતા નવા આવેલા જીલ્લા વિકાસ અધિકારીએ નિયમ મુજબ તમામ સમિતિમાં સભ્યોનું વોટિંગ કરાવ્યું હતું અને ૮ વખત કોંગ્રેસના ૩૬ સભ્યોએ હાથ ઊંચા કર્યા હતા જયારે ભાજપના ૨૯ સભ્યોએ હાથ ઊંચા કર્યા હતા. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ભાજપના બે સભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના સમય મર્યાદામાં જવાબ આપવા માંગ કરાઈ હતી. સાધારણ સભામાં પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ, દાંતા ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી, અને દિયોદરના ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા હાજર રહ્યા હતા. પંચાયતના ૬૬ સભ્યો પૈકી એક ભાજપના જગાણા બેઠકના ભાજપના સભ્ય લાલજીભાઈ કરેણ ગેરહાજર રહ્યા હતા.

# હિંમતનગરમાંથી નાસતો ફરતો શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૮

વિજયનગર પોલીસ સ્ટેશનમાં ત્રણ વર્ષ અગાઉ એક ગુનામાં નાસતા ફરતા શખ્સને એલસીબીએ સોમવારે હિંમતનગરમાંથી ઝડપી લઈ તેને વિજયનગર પોલીસ સ્ટેશનમાં મોકલી આપ્યો હતો.

આ અંગે એલસીબીના સૂત્રોના જણાવાયા મુજબ વિજયનગર તાલુકાના કાથરોટી ગામના જયંતિભાઈ જીવાભાઈ કટારા (ઉ.વ.૨૧) વિરૂદ્ધ ત્રણ વર્ષ અગાઉ વિજયનગર પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૭૯, ૧૧૪ મુજબ ગુનો નોંધાયો હતો. પરંતુ તે પોલીસને થાપ આપીને ત્રણ વર્ષથી નાસતો ફરતો હતો. જેથી પોલીસ તેને પકડવા મથામણ કરતી હતી. પરંતુ તે પકડાતો ન હતો. દરમ્યાન એલસીબીએ બાતમીને આધારે જયંતિભાઈ કટારાને સોમવારે હિંમતનગરમાંથી દબોચી લઈ તેની અટકાયત કરી વિજયનગર પોલીસને સોંપ્યો હતો.




**ધનસુરા ચાર રસ્તા ટ્રાફિકના ધજાગરા**

ધનસુરા તાલુકા મથકે ચાર રસ્તા આગળ કાયમી કોઈ ટ્રાફિક વ્યવસ્થા નથી. સવાર સાંજ વાહનોની વણઝાર લાગે ત્યારે રસ્તો ક્રોસ કરવો મુશ્કેલ બને છે. આ ચાર રસ્તા અકસ્માત ઝોન બની ગયો છે. વર્ષ દરમ્યાન નાના મોટા અકસ્માતો સર્જાય છે. અત્યાર સુધી આ ચાર રસ્તાએ કેટલાય નિર્દોષ લોકોને ઘાયલ કર્યા છે. ૩ થી ૪ લોકોએ જાન ગુમાવ્યા છે. ૨૪ કલાક ટ્રાફિકથી ધમધમતા આ ચાર રસ્તા અંગે પોલિસ તંત્ર પણ ગંભીર બની કાયમી ટ્રાફિક વ્યવસ્થા કરતુ નથી. રોજના પરપ્રાંતના અસંખ્ય લોડીંગ ટ્રકોની અવરજવર રહે છે. સર્કલ ન હોવાથી વાહનચાલકો ગમે તે બાજુ જાય છે. ધનસુરા ચારરસ્તા આગળ રોડ પહોળો કરવા અને સર્કલ બનાવવાની ખાસ જરૂર છે. કાયમી ટ્રાફિક પોલીસ મુકવા અંગે અનેકવાર મૌખિક અને લેખિત રજુઆત કરવા છતાં વ્યવસ્થા થતી નથી. પોલીસ પણ અકસ્માતની રાહ જોતી હોય તેવુ લાગે છે.

# મોડાસા ખાતે આજીવિકા દિવસની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૮

ગ્રામસ્વરાજ અભિયાન અંતર્ગત આજીવિકા દિવસની ઉજવણી તાલુકા પંચાયત કચેરી મોડાસા ખાતે કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે સખી મંડળની બહેનો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. તેમજ આ કાર્યક્રમમાં સખી મંડળની બહેનોએ તેમને થયેલ આર્થીક લાભ અંગે પ્રતિભાવો આપ્યા હતા. તેમજ સખી મંડળને વિવિધ પ્રકારની આર્થીક પ્રવૃત્તિઓ કરવા માટે રીવોલ્વીંગ ફંડ, કેશ ક્રેડીટ અને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની સહાય પૂરી પાડવામાં આવી. જેમાં બાળ આયોગ ચેરમેન જાગૃતિબેન પંડ્યા હાજર રહ્યા હતા. તેમના દ્વારા સખી મંડળની બહેનોને જણાવેલુ હતુ કે સરકાર દ્વારા બહેનો માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકી હતી તેમજ નાના ઉદ્યોગો ચાલુ કરવા માટે જેવા કે બ્યુટીપાર્લર, સીવણ કલાસ, રેડીમેડ કપડા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર માટે લોનો આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, મોડાસા તાલુકાની સખી મંડળની બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# બનાસકાંઠા જીલ્લાની શ્રેષ્ઠ ૭૨ સરકારી શાળાઓને સન્માનિત કરાઈ

સરકારી પ્રાથમિક શાળામાં ગુણવત્તાલક્ષી શિક્ષણ સંસ્કારલક્ષી શિક્ષણ અને કોઈ પણ ખાનગી શાળામાં ન હોય તે તેવું સાધન સંપન્ન અને નયન રમ્ય વાતાવરણ હોય તેવી શાળાઓને અનુપમ શાળા તરીકે જાહેર કરવામાં આવે છે. જિલ્લાની ૭૨ શાળાઓને શ્રેષ્ઠ અનુપમ શાળા જાહેર કરાઈ છે.

સરકારી પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને ખાનગી શાળા જેવું જ શિક્ષણ આપવામાં આવે તે માટે જીલ્લાની ૧૨૦ શાળાઓનું મૂલ્યાંકન થયું હતું. જેમાં ૭૨ શાળાઓએ તમામ પાસામાં પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી હતી. પાલનપુર, મહેસાણા અને પાટણ જિલ્લાની જિલ્લા શિક્ષણ તાલીમ ભવનની ટીમ દ્વારા આ મૂલ્યાંકન કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં જે શાળાઓનો સમાવેશ થયો તે શાળાના ૯૦૦ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેનો કાર્યક્રમ પાલનપુર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી ડો. ડી. આર. દરજી, પ્રાચાર્ય ડૉ. જી.એન. ચૌધરી, યુનિસેફના પ્રતિનિધિ પુષ્પા જોષી અને રાજેશ જાની હાજર રહ્યા હતા.

# પ્રાંતિજ પાસે ખેતરમાંથી દવા પીધેલી હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો

## પત્ની પાછી નહી આવે તેવું મન ઉપર લાગી આવતાં ઝેરી દવા પી જીવન ટુંકાવ્યુ

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પોગલુ ગામની સીમમાં ખેતરમાં દવા પીધેલી હાલતમાં યુવકની લાશ મળી આવતાં ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતાં. ખેતર માલિક દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી.



પ્રાંતિજના પોગલુ સીમમાં આવેલ ખેતરમાં વહેલી સવારે દવા પીધેલી મૃત હાલતમાં લાશ મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગેની જાણ વાયુવેગે પ્રસરી જતાં આજુબાજુના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મરણ જનારની ઓળખ થતાં હિરેન બળદેવભાઈ પટેલ ઉ.વર્ષ. ૨૬ હાલ રહે. પ્રાંતિજ નાની ભાગોળ નાગરવાસ અને મૂળ રહેવાસી મણીપુર તાલુકો વિરમગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે અને તેની પત્નીને તેની સાસુ ઘરેથી લઈ જતા પોતાની પત્ની પાછી નહી આવે તેવું મન ઉપર લાગી આવતાં ઝેરી દવાથી મરણ થયું હોવાનું હાલ પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતું. હાલ તો પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ સિવિલ ખાતે મૃતક યુવકની લાશને પી.એમ અર્થે મોકલી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.